જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.03 /૦૨/૨૦૧૮ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૨૮/૧૮**

# ખુન ના ગુન્હામાં આજીવન કેદની સજા પામેલ પેરોલ જમ્પ થયેલ ફરાર આરોપીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા, તથા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એસ.જે.જાડેજા તથા શ્રી સી.બી.ચૌધરી તથા શ્રી એસ.બી.દેસાઇ નાઓ તથા સ્ટાફ્નાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે **સલીમ ઉર્ફે ભોડી S/O અબ્દુલભાઇ સંધી ઉવ.૩૪ રહે. મ.નં. ૩૯, ગાયકવાડ હવેલી પોલીસ લાઇન, જમાલપુર, અમદાવાદ શહેર** નાને તા.૦૨/૦૨/૨૦૧૮ ના રોજ ઝડપી પાડેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા સને ૨૦૦૩ માં શાહીબાગ દુધેશ્વર પાંણીની ટાંકી પાસે લાભશંકરની ચાલીમાં રહેતા પ્રકાશ ચૌહાણ ના ખુન કેસમાંપોતાને આજીવન કેદની સજા થયેલ છે. અને છેલ્લા પંદરેક વર્ષ થી સાબરમતી સેન્ટ્રલ જેલમાં હતો અને ગઇ તા.૧૨/૧૨/૨૦૧૭ ના રોજ પોતે વચગાળાના જામીન ઉપર મુકત થયેલ દરમ્યાન પોતાની બાઇક સ્લીપ ખાઇ જતા ઇજા થતા સારવાર માટે બીજા વચગાળાના જામીન મેળવેલ અને તા.૦૮/૦૧/૨૦૧૭ ના રોજ પોતાના જામીન પુરા થયેથી પરત સાબરમતી સેન્ટ્રલ જેલમાં હાજર થવાનુંહતુ પરંતુ આજદિન સુધી હાજર થયેલ ન હોવાનું જણાવેલ જેથી સદરી આરોપીને ડીટેઇન કરવામાં આવેલ છે. અને સદરી આરોપીને સાબરમતી જેલમાં સોપવાની તજવીજ કરવામાં આવેલ છે

**રામોલ પોલીસ સ્ટેશન :**

## સુમીનનગર અંબે માતાજીના મંદીર સામે ખુલ્લી જગ્યામાં રેડ કરી ૧૭ જુગારીઓને પકડી કિ.રૂ. ૨૫,૬૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસર કાર્યવાહી કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

## ગણનાપાત્ર

ઉપરી અધિકારી શ્રીનાઓ તરફથી તેમજ અમોએ કરેલ સુચના આધારે સર્વેલંસ સ્કોડના પ્રો.પો.સ.ઇ એ.ઓ.ભરવાડ સાહેબ નાઓ પો.સ્ટે વિસ્તારમાં જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા સારુ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૬/૦૦ વાગે સુમિનનગર સોસાયટીના નાકે આવતા સર્વેલંસ પો.સ.ઇ નાઓને સાથેના પોકો ગીરીશભાઇ જેસંગભાઇ તથા પોકો કીરીટસિહ મહોબતસિહ નાઓએ સંયુકત બાતમી હકીક્ત આપેલ કે સુમિનનગર સોસાયટીના અંબાજી માતાના મંદીર સામે ગલીમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઇસમો ગોળ કુંડાળુવળી પૈસા-પાનાથી હારજીતનો જુગાર રમે છે અને હાલમાં પ્રવૃતિ ચાલુ છે જે બાતમી હકીકત આધારે બે પંચો રુબરુ પોસઇ શ્રી નાઓએ રેડ કરી જુગાર રમતા ૧૭ ઇસમોને સ્થળ પર ગંજીપાના નંગ-૧૦૦ તથા રોકડા રુ.૨૫,૬૦૦/- ની મત્તા સાથે પકડી પો.સ.ઇ નાઓએ તમામની વિરૂધ્ધમાં ધી જુગારધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**ઇસનપુ ર પોલીસ સ્ટેશન :**

## પેરોલ જમ્પ કરેલ આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેરની ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે" વિભાગ સાહેબનાઓ તરફથી અવાર-નવાર જેલમાથી પેરોલ/ફર્લો/વચગાળાના જામીન ઉપર છુટી ફરાર થઇ ગયેલ ઇસમોને પકડી પાડવા સારૂ મળતી સુચનાઓ તથા નાસતા ફરતા વોન્ટેડ તથા પેરોલ ફર્લો જમ્પ આરોપીઓને પકડવાની ડ્રાઇવ ચાલતી હોય જે અન્વયે ઇસનપુર પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી એન.એમ.પટેલ સાહેબના સીધા માર્ગદર્શન અને સુચના હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ વી.એન.ભરવાડ તથા સ્ટાફના માણસોએ ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી પેટ્રોલીંગ દરમ્યાનમા અ.પો.કો. મો.અશરફ ઇસ્માઇભાઇ તથા અ.પો.કો. મો.ઇલ્યાસ સાદીકભાઇ નાઓની સયુક્ત બાતમી આધારે પાકા કેદી નં-ડ/૧૫૫૦૬ મો.રફીક ઉર્ફે કાળુ શફીભાઇ શેખ ઉ.વ.૨૪ રહે,રજબશેઠની ચાલી મિલ્લતનગર શાહઆલમ ઇસનપુર અમદાવાદ નાનો કે જે બળાત્કારના ગુન્હામા જેલમા સજા ભોગવી રહેલ અને તા ૦૬/૦૫/૨૦૧૭ ના રોજ દિન-૧૦ ની પેરોલ રજા ઉપર છુટીને આવેલ જેને તા ૧૬/૦૫/૨૦૧૭ ના રોજ જેલમા હાજર થવાનુ હતુ પરંતુ જેલમા હાજર ન થઇ પેરોલ જમ્પ કરેલ તે કેદીને આજરોજ તા.૦૩/૦૨/૧૮ ના કલાક ૦૧/૦૦ વાગે તેના ઘર આગળથી પકડીને તેની બાકી રહેલ સજા ભોગવવા સારૂ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપેલ છે તા ૦૩/૦૨/૨૦૧૮

**<u>સાબરમતી પોલીસ સ્ટેશન :</u>**

## સાબરમતી વિસ્તારમાંથી મો.સા.ચોરને ઝડપી લેતી સાબરમતી પોલીસ

અમદાવાદ શહેરમાં બનતા મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધવા સારૂ પોલીસ કમિશ્નરશ્રી તથા સ્પે.પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ નાઓએ આપેલ સુચના આધારે તેમજ ના.પો.કમિ શ્રી ઝોન-૨ તથા એ.સી.પી શ્રી એલ ડીવીઝનનાઓની રાહબરી હેઠળ તથા સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી ડી.વી.રાણાનાઓના માર્ગદર્શન અનુસાર સાબરમતી પો.સ્ટેના સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. બી.પી.મેઘલાતર તથા સાથેના સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં હે.કોન્સ. રામમોહન ધરમસિંહ બ.નં.૮૧૪૨ તથા પો.કો શીવાભાઇ મણાભાઇ બ.નં.૫૪૯૫ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે એક ઇસમ પાસે ચોરી અગર છળકપટથી મેળવેલ મો.સા. જે લઇને અચેર ગામ તરફથી આવીને રામનગર તરફ જવાનો છે વિગેરે બાતમી હકીકત આધારે સદરી જગ્યાએ પંચો સાથે જઇ તપાસ કરતાં હકીકત વાળો ઇસમ મો.સા.નં. GJ-01-SE-7996ની સાથે મળી આવેલ જેના તેની પાસેથી કોઇ આધાર પુરાવા ના હોઇ સદર મો.સા. સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ કબજે લઇ આરોપી કમલેશ પ્રતાપભાઇ રાઠોડ ઉ.વ.૩૨ રહે,અચેર છારાનગર સાબરમતી અમદાવાદ શહેરનાને <u>તા.૦૨/૦૨/૨૦૧૮ના કલાક ૨૧/30 વાગે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરવામાં આવેલ અને કબજે લિધેલ મો.સા. બાબતે તપાસ કરતાં બાપુનગર પો.સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૭/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોઇ સદર મો.સા. તેમજ આરોપી બાપુનગર પો.સ્ટે. ખાતે સોપવા તજવીજ કરેલ છે.</u>

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.